# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૮ અંક : ૧૩૩ તા.૫-૦૨-૨૦૨૨ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા


# ઓલ્ડ ઈકોનોમીના શેરો ઝડપથી દોડશે

શેરબજારને અર્થતંત્રના બેરોમીટર રૂપે દર્શાવાય છે. એક તરફ આંતરરાષ્ટ્રીય પોઝિટિવ પરિબળો અને બીજી તરફ બજેટમાં મૂડીરોકાણને પ્રાધાન્ય આપતી જોગવાઈઓ કે જેને કારણે અર્થતંત્રમાં સુંદર વૃદ્ધિ થશે તેવી

## ક્રિપ્ટો કરન્સી માટેની જાહેરાત ખૂબ જ પોઝિટિવ પાસું છે

ગણતરી છે તે પાછળ ત્રણ સેશન દરમ્યાન સેન્સેક્ષ અને નિફ્ટીમાં સુંદર ઉછાળો જોવાયો હતો. સોમવાર, મંગળવાર અને બુધવારે સેન્સેક્ષ વધીને



૫૯૫૫૮ના લેવલે આવી ગયો અને તે રીતે આગલા બે અઠવાડિયાના સાત ટકાના ઘટાડાની સામે કેવળ ત્રણ જ ટ્રેડિંગ સેશનમાં બંને બેન્ચમાર્ક ઇન્ડેક્ષોએ ૪ ટકાનો ઉછાળો દર્શાવ્યો છે.

મહિનાની શરૂઆતમાં અમેરિકન ફેડરલ રિઝર્વ દ્વારા અમેરિકન અર્થતંત્રમાં ફુગાવાને અંકુશમાં લેવા માટે વ્યાજદરમાં વધારાની સાથે સાથે મોનેટરી પોલિસી ટાઈટ કરવામાં આવશે તેવી જાહેરાતને પગલે વિશ્વભરના શેરબજારોમાં ઘટાડો જોવાયો હતો પરંતુ તે પછી બજેટની જોગવાઈ અને સાથે સાથે વિશ્વભરની કંપનીઓના ડિસેમ્બર ક્વાર્ટરના અપેક્ષા કરતા વધારે સારા આંકડાઓને કારણે સેન્ટીમેન્ટમાં નોંધપાત્ર સુધારો જોવાયો છે. અને તેથી બજેટ પછી જોવાયેલા આ ઉછાળાને એક દૃષ્ટિએ બજેટ અર્થતંત્ર માટે પોઝિટિવ છે તેમ દર્શાવી શકાય. ભારતીય શેરબજારમાં બજેટ પછીના તેજીમય મૂડને કારણે કેવળ ત્રણ જ ટ્રેડિંગ સેશન દરમ્યાન ઈન્વેસ્ટરોની મૂડીમાં ૯.૫૭ લાખ કરોડનો વધારો થઈ ગયો છે. આ બજેટનું સૌથી મહત્ત્વનું પાસું એ છે કે તેમાં અર્થતંત્રને તેજીને બ્રેક લગાવે તે પ્રકારનું કોઈ જ નકારાત્મક પરિબળ નથી. અને સામે પક્ષે બજેટ દ્વારા જે જોગવાઈઓ કરવામાં આવી છે તેને કારણે અર્થતંત્રની વૃદ્ધિને નોંધપાત્ર ફાયદો મળી શકશે. આમ બજેટ પછીનું તારણ એક જ કહી શકાય કે આ બજેટને કારણે અર્થશાસ્ત્રીઓ અને ઈન્વેસ્ટરોમાં એક નવી આશાનો સંચાર થયો છે.

બજેટના વિવિધ પાસાઓને એકદમ ટૂંકમાં દર્શાવવા હોય તો ઈક્રાના મેનેજિંગ ડિરેક્ટર રામનાથ ક્રિષ્ણનના શબ્દોમાં કહીએ તો કોરોનાની ત્રીજી લહેર પછી આ બજેટને કારણે દેશમાં એક આશાવાદની લહેર ફૂંકાઈ શકાશે. શ્રી રામનાથ ક્રિષ્ણનના મંતવ્ય મુજબ આ બજેટ દ્વારા કેન્દ્ર સરકારના ખર્ચાઓ અને પ્રુડન્સ એટલે કે યોગ્ય નાણાનીતિઓ વચ્ચે એકદમ સમનવય સાધવામાં આવ્યો છે. મૂડીખર્ચામાં જે રીતે ૨૫ ટકાનો વધારો કરાયો છે, જ્યારે રેવન્યૂ ખર્ચામાં કેવળ એક ટકાનો વધારો કરાયો છે અને તે રીતે ફુગાવાને જીડીપીના ૦.૫ ટકાના લેવલ ઉપર જાળવી રાખવાની જોગવાઈ છે તે પાસું ખૂબ જ મહત્ત્વનું કહી શકાય.

આ વખતના બજેટમાં કરવેરાની આવકોમાં કેવળ ૯.૬ ટકા વૃદ્ધિનું લક્ષ્યાંક મૂકવામાં આવ્યું છે જે તાજેતરમાં એક્સાઈઝ ડ્યૂટીમાં જે ઘટાડો થયો તે પછી એકદમ યોગ્ય લેવલનું લક્ષ્યાંક કહી શકાય. કેવળ બજેટના ૧૧.૧ ટકાના અંદાજની સરખામણીમાં ફુગાવાનો દર ૧૩.૫થી ૧૪ ટકાના લેવલે આવી ગયો છે તે એક થોડુંક નવું પાસું છે.

બીજી તરફ બજેટમાં ડિસઈન્વેસ્ટમેન્ટનું લક્ષ્યાંક પણ એકદમ યોગ્ય લેવલ ઉપર રાખવામાં આવ્યું છે. અગાઉના વર્ષોમાં બજેટની જોગવાઈઓ વખતે ડિસઈન્વેસ્ટમેન્ટનું લક્ષ્યાંક હાંસલ ન થઈ શકે તેવા ઊંચા લેવલ ઉપર મૂકવામાં આવતું હતું અને તેને કારણે દર વખતે નાણામંત્રી ખોટા પડતા હતા તેની સરખામણીમાં આ વખેત ડિસઈન્વેસ્ટમેન્ટનું લક્ષ્યાંક કેવળ રૂા. ૬૫૦૦૦ કરોડ મૂકવામાં આવ્યું છે તે એક પોઝિટિવ પાસું છે.

ચાણક્યના બજેટ અંકમાં દર્શાવાયું હતું કે નવા વિક્રમ સંવત દરમ્યાન ઓલ્ડ ઈકોનોમીના શેરો ઝડપથી દોડશે અને બજેટની જોગવાઈઓ પછી પણ આપણે તે પ્રકારનું ચિત્ર જ જોયું છે અને બજેટની જોગવાઈઓને કારણે સિમેન્ટ, સ્ટીલ, કોમર્શીયલ વાહનો, તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર શેરોમાં ખૂબ જ સુંદર ઉછાળો જોવાયો જે એક પોઝિટિવ સંકેત છે.

### ઇન્વેસ્ટર માટે બજેટના મહત્ત્વના પાસાઓ

વિવિધ સેક્ટર ઉપર બજેટની શું અસર થશે તેની છણાવટ કરતા પહેલા બજેટનો સારાંશ જોઈ લઈએ.

- અગાઉના બજેટમાં ડિસઈન્વેસ્ટમેન્ટ દ્વારા રૂા. ૧.૭૫ લાખ કરોડનો અંદાજ મૂકવામાં આવ્યો હતો અને તેની સરખામણીમાં હવે લક્ષ્યાંક ચાલુ વર્ષ માટે રૂા. ૭૮૦૦૦ કરોડ કરવામાં આવ્યો છે જ્યારે બજેટમાં નવા વર્ષ માટેનું લક્ષ્યાંક વાસ્તવિક લેવલ રૂા. ૬૫૦૦૦ કરોડ રાખવામાં આવ્યો છે જે હાંસલ થઈ શકે તે સંભાવના ખૂબ મજબૂત છે.
- મનરેગા માટેની જોગવાઈઓ આગલા વર્ષના રૂા. ૯૮૦૦૦ કરોડથી ઘટાડીને રૂા. ૭૩૦૦૦ કરોડ કરવામાં આવી છે જે ૨૫.૫૧ ટકાનો ઘટાડો છે. અગાઉના વર્ષે પ્રજાને કોરોના મહામારીને કારણે આવકોને મોટી અસર પડી હતી અને તેથી મનરેગાની જોગવાઈ વધારે રાખવામાં આવી હતી પરંતુ હવે તે આવશ્યકતા ન હોવાથી એલોકેશનમાં ઘટાડો કરાયો છે તે એક પોઝિટિવ પાસું છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૮૦ લાખ નવા ઘર બાંધવામાં આવશે અને તે માટે રૂા. ૪૮૦૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે.
- રેલવે મંત્રાલય માટે રૂા. ૧૪૦૩૬૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે જે ચાલુ વર્ષની સરખામણીમાં રૂા. ૨૦૩૧૧ કરોડનો વધારો છે અને આવતા ત્રણ વર્ષ દરમ્યાન ૪૦૦ ન્યૂ જનરેશન વંદે માતરમ્ ટ્રેન શરૂ કરવામાં આવશે.
- પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટીવની હવે સોલર સેલ માટે પણ જોગવાઈ કરવામાં આવી છે અને તે માટે બજેટમાં રૂા. ૨૪૦૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. સાથે સાથે ઈલેક્ટ્રિક વાહનો માટે ચાર્જિંગ સ્ટેશન હજી પૂરતા પ્રમાણમાં ઊભા ન થયા હોવાથી બેટરી સ્વેપીંગ એટલે કે બેટરી બદલી શકાય તે પ્રકારે પ્રોત્સાહન આપતી જોગવાઈ કરવામાં આવી છે.
- અર્થતંત્ર માટે મહત્ત્વની જોગવાઈ નેશનલ હાઈવે માટેનું એલોકેશન છે અને બજેટની જોગવાઈ મુજબ ૨૫૦૦૦ કિલોમીટરના નેશનલ હાઈવે બનાવવામાં આવશે. જ્યારે ચાર લોકેશન ઉપર પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ મલ્ટીમોડલ લોજિસ્ટિક પાર્ક ઊભા કરાશે અને તેમાં રૂા. ૨૦૦૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.
- સબસિડીની જોગવાઈઓ આગલા વર્ષની સરખામણીમાં ૩૯ ટકા ઘટાડીને રૂા. ૪૩૩૧૦૮ કરોડ કરવામાં આવી છે અને તે પણ એક પોઝિટિવ દિશાનું પગલું છે અને ધીરે ધીરે સબસીડીનું પ્રમાણ અર્થતંત્રમાં ઘટાડતા જવાની દિશામાં એક યોગ્ય પગલું કહી શકાય.
- કેન્દ્ર સરકાર દ્વારા નવા વર્ષ માટે રૂા. ૧૧.૬૦ લાખ કરોડનું ભંડોળ બજારમાંથી લેવામાં આવશે. જે ગયા વર્ષની સરખામણીમાં રૂા. ૨ લાખ કરોડ વધારે છે અને આ રકમ મુખ્યત્વે ચાલુ ખર્ચ માટે ઊભા કરવામાં આવશે.
- ક્રિપ્ટો કરન્સી માટેની જાહેરાત ખૂબ જ પોઝિટિવ પાસું છે. થોડા મહિના પહેલા તો કેન્દ્ર સરકાર ક્રિપ્ટો ઉપર સંપૂર્ણ અંકુશ મુકતા ઈચ્છતી હતી પરંતુ બજેટમાં ત્રણ જાહેરાતો કરવામાં આવી અને તેમાં એક જાહેરાતમાં ભારતીય રિઝર્વ બેંક પોતે જ વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ડિજીટલ રૂપિયો બહાર પાડશે અને તેના દ્વારા ડિજિટલ અર્થતંત્રને બળ આપવામાં આવે તે પ્રકારનું લક્ષ્યાંક છે. ક્રિપ્ટો કરન્સી ઉપર સંપૂર્ણપણે અંકુશ મૂકવાને બદલે તેમાંથી જે નફો થાય તેની ઉપર ૩૦ ટકાના દરે આવકવેરો વસૂલ કરવાની જાહેરાત કરાઈ છે અને સામે પક્ષે ક્રિપ્ટો કરન્સી ઉપરના સોદા ઉપર એક ટકાના દરે ટીડીએસ લેવાની જાહેરાત છે. આ બે જાહેરાતો કંઈક અંશે ક્રિપ્ટો કરન્સી માટે નુકસાનકારક છે અને તેથી તેની ચર્ચા અલગ રીતે કરેલી છે.
- હોસ્પિટલ સેક્ટરને બળ મળે તે માટે બજેટમાં રૂા. ૫ લાખ કરોડ સુધીની જોગવાઈ કરવામાં આવી છે.
- ઈ-પાસપોર્ટ માટેની દરખાસ્ત છે અને તેના દ્વારા ફોરેન ટ્રાવેલ વધારે સરળ બનાવાય તે સંભાવના મજબૂત છે.
- નવી મેન્યુફેક્ચરીંગ કંપનીઓ માટે ત્રણ વર્ષ સુધી કેવળ ૧૫ ટકાના દરે ટેક્ષ વસૂલ કરવાની જોગવાઈ આવકારદાયક છે.
- ૫-જી સર્વિસના રોલઆઉટ માટે વર્ષ ૨૦૨૨ દરમ્યાન સ્પેક્ટ્રમની હરાજી કરવાની જાહેરાત પણ કરાઈ છે અને વિવિધ જાહેરાતો પછી અર્થતંત્ર ૮ ટકા પ્લસના દરે વિકસે તેવી ગણતરી છે. જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ભારતીય અર્થતંત્રમાં ૯.૨ ટકાનો વૃદ્ધિદર હાંસલ થશે તેવો અંદાજ આપવામાં આવ્યો છે. તે જ પ્રકારે વર્ષ ૨૦૨૧-૨૨ માટે બજેટ ખાધનો અંદાજ અગાઉ ૬.૮ ટકા મૂકવામાં આવ્યો હતો તે હવે સહેજ વધારીને ૬.૯ ટકા કરવામાં આવ્યો છે.

### રોડ અને રેલવે માટે જોરદાર ફોક્સ

ભૂતકાળના ટ્રેન્ડથી સહેજ અલગ રીતે આ વખતના બજેટમાં કેન્દ્ર સરકાર દ્વારા રૂા.૨.૦૮ લાખ કરોડની હાઈવે માટેની મૂડીરોકાણની જોગવાઈ સંપૂર્ણપણે બજેટ એલોકેશન દ્વારા કરવામાં આવી છે. આ ઉપરાંત એસેટ મોનેટાઇઝેશનમાંથી જે ભંડોળ મળે તે પણ નેશનલ હાઈવે ઓથોરિટી માટે વાપરવાની જોગવાઈ છે. નેશનલ હાઈવે ઓથોરિટીના માથા ઉપર અત્યારે રૂા. ૩.૩૮ લાખ કરોડના દેવાનો બોજો થઈ ગયો છે અને વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન પણ તેના દ્વારા રૂા. ૬૫૦૦૦ કરોડનું નવું દેવું કરવામાં આવ્યું છે અને તેથી હવે નેશનલ હાઈવે ઓથોરિટી ઉપર દેવાનો બોજો ન વધે તે માટે કેન્દ્ર સરકાર પોતે જ આધુનિક રોડ પ્રોજેક્ટો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટો માટે ભંડોળ બજેટ દ્વારા ફાળવી રહી છે.

નવા વર્ષ દરમ્યાન ૨૫૦૦૦ કિલોમીટરના હાઈવે બાંધવાની દરખાસ્ત જોવાઈ છે અને નવા વર્ષમાં ગતિશક્તિ માસ્ટર પ્લાન હેઠળ એક્સપ્રેસ હાઈવે વિકસાવવાની દરખાસ્ત છે.

બીજી તરફ પર્વતમાલા પ્રોગ્રામ હેઠળ ઉત્તરપૂર્વ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને કાશ્મીરના પર્વતિય વિસ્તારોમાં નેશનલ રોપ-વે ડેવલપમેન્ટ પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી છે. અને આ જાહેરાતને પગલે હોટલ અને




ટુરીઝમને વધારે વેગ મળશે તેવી ગણતરી છે. આ ઉપરાંત શહેરી વિસ્તારમાં પણ ટેસ્ટીંગના ધોરણે આવો પ્રોજેક્ટ શરૂ કરવાની વિચારણા છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન લગભગ ૬૦ કિલોમીટર લાંબા ૮ રોપ-વે પ્રોજેક્ટના કોન્ટ્રાક્ટ આપવામાં આવશે.

બીજી તરફ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠલ મલ્ટીમોડલ લોજિસ્ટિક પાર્કના કોન્ટ્રાક્ટ પણ નવા વર્ષમાં આપવામાં આવશે. ભારતીય અર્થતંત્ર માટે ભારતીય રેલવે એક મહત્ત્વનું એન્જિન છે. અને તેના દ્વારા પણ ગતિશક્તિ પ્રોગ્રામને ઝડપથી આગળ વધારાય તેવી ગણતરી છે અને તેથી ભારતીય રેલવેમાં ઝડપી વૃદ્ધિ માટે આ બજેટમાં મૂડીરોકાણની જોગવાઈ ૧૪ ટકા વધીને રૂા. ૨.૪૫ લાખ કરોડ કરવામાં આવી છે અને સાથે સાથે ૧૦૦ પ્રધાનમંત્રી ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ પણ આવતા ત્રણ વર્ષ દરમ્યાન વિકસાવવામાં આવશે. વધારે કાર્યદક્ષ અને વધારે પેસેન્જર લઈ શકે તેવી ૪૦૦ ન્યૂ જનરેશન વંદેમાતરમ્ ટ્રેન શરૂ કરવાની યોજના છે.

આત્મનિર્ભર ભારત યોજના હેઠળ રેલવેનું ૨૦૦૦ કિલોમીટરનું નેટવર્ક સલામતી અને કેપેસીટી વધારવા માટે કવચ પ્રોગ્રામ હેઠળ આવરી લેવામાં આવશે. નાના ખેડૂતો અને નાના વેપારીઓ માટે રેલવે દ્વારા કેટલીક નવી પ્રોડક્ટો અને લોજિસ્ટિક સર્વિસ પણ શરૂ કરવાની જાહેરાત કરાઈ છે.

આ બધા પગલાઓને કારણે સૌથી મોટો ફાયદો રેલવે માટેના વેગન અને એન્જિન બનાવતી કંપનીઓને થવાની ગણતરી છે. આ ઉપરાંત ભારતીય રેલવે હસ્તકની કંપનીઓના બિઝનેસમાં પણ નોંધપાત્ર ઉછાળો આવે તેવી ગણતરી છે.

પ્રાઈવેટ સેક્ટરમાં આ પ્રોજેક્ટને કારણે લાર્સન એન્ડ ટુબ્રો અને ટ્રેક વિકસાવવાનું કામ કરતી કંપનીઓ, સિગ્નલિંગ કંપનીઓને ફાયદો મળે તે સંભાવના ખૂબ મજબૂત છે.

### સોલર પ્રોડક્શન લિંક્ડ સ્કીમ


વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતમાં ૨૮૦ ગીગાવોટ સોલર ક્ષમતા વિકસાવવાનું લક્ષ્યાંક છે અને તે હાંસલ થઈ શકે તે માટે આ વખતના બજેટમાં સોલર મેન્યુફેક્ચરિંગ માટે પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટીવ સ્કીમ જાહેર કરવામાં આવી છે અને તે માટે રૂા. ૧૯૫૦૦ કરોડનું ભંડોળ ફાળવવામાં આવ્યું છે. શરૂઆતમાં આ સ્કીમ માટે રૂા. ૪૫૦૦ કરોડનું ભંડોળ ફાળવવામાં આવ્યું હતું.

અત્યારે સોલર સેક્ટરમાં ૮૦ ટકા ચીજો આયાત દ્વારા સંતોષાય છે, પરંતુ હવે આ ઈન્સેન્ટીવ સ્કીમને કારણે ભારતીય કંપનીઓ ભારતમાં જ ઉત્પાદન વધારે તેવી ગણતરી છે અને આ જોગવાઈનો ફાયદો તાતા પાવર સોલર ઉપરાંત વારી એન્જિનિયર, રીન્યુ સોલર, લાર્સન એન્ડ ટુબ્રો, કોલ ઈન્ડિયા, રિલાયન્સ ન્યુ એનર્જી સોલર, શિરડી સાંઈ ઈલેક્ટ્રિકલ્સ, અદાણી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે કંપનીઓને મળશે તે સંભાવના મજબૂત છે. અને તેમાં કેટલીક કંપનીઓ શેરબજારમાં લિસ્ટિંગ ધરાવે છે અને વારી એન્જિનિયર્સ જેવી કંપનીના આઈપીઓની હવે તૈયારી છે.

### કૃષિ સેક્ટર માટે જોગવાઈ

ભારતીય અર્થતંત્રમાં કૃષિ સેક્ટરનું મહત્ત્વ ખૂબ મોટું છે અને હવે કૃષિની નફાશક્તિ વધે અને ખેડૂતોની આવક વધે તે માટેની કેટલીક જોગવાઈઓ બજેટમાં કરાઈ છે અને તેમાં આ વખતે એગ્રી સ્ટાર્ટઅપ માટે


## ડ્રાઈવર ?



ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ

staffavailable.com

ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો

તદ્દન ફ્રી

staffavailable.com



## Yash Innoventures Limited

**(CIN: L45100GJ1991PLC016557)**

**(Formerly known as Redex Protech Limited)**

**Registered Office: 1 Floor, Corporate House No.3, Parshwanath Business Park, Behind Prahladnagar Garden, S G Highway, Ahmedabad-380014, Gujarat, India.**

**Statement of Unaudited Financial Results for the Quarter and Nine months ended December 31, 2021** (Rupees in Lacs)

| Sr. No. | Particulars | Quarter ended 31-Dec-21 | Quarter ended 30-Sep-21 | Quarter ended 31-Dec-20 | Nine Months ended 31-Dec-21 | Nine Months 31-Dec-20 | Year ended 31-March-21 |
|---|---|---|---|---|---|---|---|
| | | (Unaudited) | (Unaudited) | (Unaudited) | (Unaudited) | (Unaudited) | (Audited) |
| 1 | Income | | | | | | |
| | (a) Revenue from Operations | 0.49 | 0.48 | 0.46 | 1.49 | 0.46 | 1.11 |
| | (b) Other Income | 581.44 | 9.00 | 7.72 | 1,234.58 | 18.20 | 25.82 |
| | Total Income | 581.93 | 9.49 | 8.18 | 1,236.07 | 18.66 | 26.93 |
| 2 | Expenses | | | | | | |
| | (a) Employee benefits expense | 18.92 | 17.10 | 6.00 | 49.47 | 11.75 | 17.20 |
| | (b) Purchase | 22.46 | 1,059.02 | - | 1,084.41 | - | - |
| | (c ) Change In Stock | 17.38 | (1101.79) | - | (1084.41) | - | - |
| | (d) Depreciation | 0.63 | 0.61 | 0.80 | 1.86 | 2.41 | 3.21 |
| | (e) Other expenses | 20.44 | 14.84 | 2.82 | 37.84 | 10.01 | 10.26 |
| | Total Expenses | 79.83 | (10.22) | 9.62 | 89.17 | 24.17 | 30.67 |
| 3 | Profit/(loss) before tax (1 - 2) | 502.10 | 19.70 | (1.44) | 1146.90 | (5.51) | (3.74) |
| 4 | Tax Expense | | | | | | |
| | (a) Current tax | 108.97 | 5.94 | - | 246.54 | - | - |
| | (b) Short provision of earlier years | - | - | - | - | - | 2.59 |
| | (c) Deferred tax | 48.16 | (0.05) | (0.05) | (0.04) | (0.26) | (0.25) |
| | Total Tax Expense | 157.13 | 5.89 | (0.05) | 246.50 | (0.26) | 2.34 |
| 5 | Profit/(loss) for the period (3 - 4) | 344.97 | 13.82 | (1.39) | 900.40 | (5.25) | (6.08) |
| 6 | Other Comprehensive Income | - | - | - | - | - | - |
| 7 | Total comprehensive income/(loss) for the period (5+6) | 344.97 | 13.82 | (1.39) | 900.40 | (5.25) | (6.08) |
| 8 | Paid-up equity share capital (face value Rs 10/- per share) | 672.12 | 672.12 | 672.12 | 672.12 | 672.12 | 672.12 |
| 9 | Other equity | | | | | | (128.24) |
| 10 | Earnings per share (Rs) (not annualised except for the year ended) | | | | | | |
| | - Basic EPS | 5.13 | 0.21 | (0.02) | 13.40 | (0.08) | (0.09) |
| | - Diluted EPS | 5.13 | 0.21 | (0.02) | 13.40 | (0.08) | (0.09) |
| | (See accompanying notes to the Financial Results) | | | | | | |

**Segmentwise Revenue & Results for the Quarter and Nine months ended December 31, 2021** (Rupees in Lacs)

| Particulars | Quarter ended 31-Dec-21 | Quarter ended 30-Sep-21 | Quarter ended 31-Dec-20 | Nine Months ended 31-Dec-21 | Nine Months 31-Dec-20 | Year ended 31-March-21 |
|---|---|---|---|---|---|---|
| | (Unaudited) | (Unaudited) | (Unaudited) | (Unaudited) | (Unaudited) | (Audited) |
| SEGMENT REVENUE | | | | | | |
| Fire Extinguisher | - | - | - | - | - | - |
| Project Kolat | - | - | - | - | - | - |
| Total | - | - | - | - | - | - |
| SEGMENT EXPENSES | | | | | | |
| Fire Extinguisher | | | | | | |
| (1) Employee Benefit Expenses | - | - | - | - | - | - |
| (2) Purchase | - | - | - | - | - | - |
| (3) Change in Stock | - | - | - | - | - | - |
| (4) Depreciation | - | - | - | - | - | - |
| (5) Other Expenses | - | - | - | - | - | - |
| Total | - | - | - | - | - | - |
| Project Kolat | | | | | - | |
| (1) Employee Benefit Expenses | - | - | - | - | - | - |
| (2) Purchase | 22.46 | 1059.02 | - | 1084.41 | - | - |
| (3) Change in Stock | 17.38 | (1,101.79) | - | (1,084.41) | - | - |
| (4) Depreciation | - | - | - | - | - | - |
| (5) Other Expenses | - | - | - | - | - | - |
| Total | 39.84 | (42.77) | - | - | - | - |
| SEGMENT RESULT | | | | | | |
| Fire Extinguisher | - | - | - | - | - | - |
| Project Kolat | (39.84) | 42.77 | - | - | - | - |
| Total | -39.84 | 42.77 | - | - | - | - |
| Unallocable Other Income | 581.93 | 9.49 | 8.18 | 1,236.07 | 18.66 | 26.93 |
| Unallocable Expenses | 39.99 | 32.55 | 9.62 | 89.17 | 24.17 | 30.67 |
| PROFIT BEFORE TAX | 502.10 | 19.70 | (1.44) | 1146.90 | -5.51 | (3.74) |

Notes:

1. The unaudited financial results were reviewed by the Audit Committee and have been considered and approved by the Board of Directors at their meeting held on February 04, 2022. The same have been subjected to Limited Review by the Statutory Auditors.
2. The financial results are extracted from the Audited Financial Statements of the Company which are prepared in accordance with Indian Accounting Standards ('Ind AS') as prescribed under section 133 of the Companies Act, 2013 ("the Act") read with relevant rules issued thereunder.
3. During the quarter and nine months ended December 31, 2021 the Company is operating in two segments i.e. Construction and Infrastructure and Fire Extinguisher. Accordingly Segment-wise reporting has been disclosed.
4. The outbreak of Coronavirus disease (COVID-19) pandemic globally and in India is causing significant disturbance and slowdown of economic activity. The Company is monitoring the impact of global health pandemic on its financial position and liquidity. The Company used the principles of prudence in applying judgements, estimates and assumptions based on the current estimates. The Company has considered wherever applicable the possible effects on the carrying amounts of loans, investments in property and receivables as on December 31, 2021. Based on the current indicators of future economic conditions, the management expects to recover the carrying amount of these assets in full without any loss. However, the impact of COVID 19 on the Company's Financial Statements may differ from that estimated as of the date of approval of these financial statement and management will continue to closely monitor any material changes to future economic conditions.
5. The figures for previous period have been regrouped / reclassified /restated wherever necessary to make them comparable with the current year's classification.
6. The results for the quarter and nine months ended December 31, 2021 are available on the BSE Limited website (URL: www.bseindia.com/corporates).

**For Yash Innoventures Limited**
SD/-
**Mr. Gnanesh Bhagat**
**Managing Director**
**DIN - 00115076**

**Place: Ahmedabad**
**Date: February 04, 2022**


## ગામની ગપસપ

- **ઇન્ડેક્ષ**, બજેટ પછી જે તોતીંગ ઉછાળો જોવાયો તેને કારણે ઈન્વેસ્ટરોના સેન્ટીમેન્ટમાં મજબૂત સુધારો. અને તેને કારણે ફેડરલ રિઝર્વ વ્યાજદર વધારે તે ભય વચ્ચે પણ સેન્સેક્ષ-નિફ્ટીમાં સાતત્યપૂર્ણ અપટ્રેન્ડ ચાલુ રહેશે તે સંભાવના મજબૂત. દિવાળી અંકમાં દર્શાવ્યું હતું તેમ ઓલ્ડ ઈકોનોમીના શેરો ઉપર ફોક્સ રાખજો.
- **એક્સિસ બેંક**, ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામો ખૂબ સુંદર આવ્યા, છેલ્લી બે સેશનથી ભલે નબળાઈ, તેમ છતાં રૂા. ૮૦૦ આસપાસના ભાવે ભેગા કરતા જવાય. ગમે ત્યારે અન્ય કોઈ પ્રાઈવેટ સેક્ટરને હવાલો પડી જશે. ધીમા સુધારા સાથે રૂા. ૧૦૫૦-૧૧૦૦ના ભાવની ગણતરી.
- **હીરોમોટો કોર્પ**, ગ્રામ્ય ભારતને મજબૂત કરતું બજેટ અને તેને કારણે ટુ-વ્હીલરના ક્ષેત્રની ટોચની કંપની હીરોમોટો કોર્પને ખૂબ સુંદર ફાયદો. ઈલેક્ટ્રિક ટુ-વ્હીલરમાં પણ હવે ઝંપલાવ્યું. રૂા. ૨૭૮૧માં થોડાક શેરો લઈને મૂકી શકાય. ઉપરમાં રૂા. ૩૧૬૧ના ભાવની થોડા અઠવાડિયાઓમાં ગણતરી.
- **સ્ટેટ બેંક**, રૂા. ૬૦૦ના ભાવનું લક્ષ્યાંક તો ઘણા સમય પહેલા આપ્યું છે. અત્યારે રૂા. ૫૪૦ ઉપર તો આવી ગયો. હવે લક્ષ્યાંક વધારવું પડે તે પ્રકારનો ટ્રેન્ડ, આવતા થોડા અઠવાડિયામાં રૂા. ૬૦૦ કૂદાવ્યા પછી ધીરે ધીરે રૂા. ૬૪૦ તરફ આગળ વધવાનો.
- **ઇન્ડસઈન્ડ બેંક**, પ્રાઈવેટ સેક્ટર બેંક શેરોમા 'આ શેરને ધોઈ નાખવામાં મુંબઈના ખેલાડીઓને મજા પડી જાય છે. છેલ્લા થોડા અઠવાડિયા દરમ્યાન બરાબરનો તોડ્યો પરંતુ હવે ડિસેમ્બરના સુંદર પરિણામ પછી આ શેરમાં આકર્ષણ વધ્યું છે અને હવે તેથી ચગાવશે પણ એટલો જ જોરદાર, રૂા. ૯૫૮ના ભાવે યથાશક્તિ ૫૦-૧૦૦ શેર લઈને મૂકી દેવાય. ધીમા સુધારા સાથે રૂા. ૧૩૦૦ના ભાવની ગણતરી.
- **સન ફાર્મા**, એમ તો ડોક્ટર પાસે જવું કોને ગમે ? અને તે રીતે ફાર્મા શેરો તરફનું આકર્ષણ શેરબજારમાં ઘણા સમયથી ઓછું. છેલ્લા પાંચ વર્ષ આ કંપની માટે નબળા રહ્યા. વાસ્તવમાં રૂા. ૨૦૦૦ના ભાવને લાયક છે. અત્યારે ધીમા સુધારા સાથે રૂા. ૮૮૩નો ભાવ આવ્યો અને ધીરે ધીરે રૂા. ૧૦૦૦નું લેવલ બતાવી દેશે.
- **આઈસીઆઈસીઆઈ બેંક**, ડિસેમ્બર ક્વાર્ટરની નફાશક્તિ જોરદાર છે. અત્યારના રૂા. ૮૦૮ના ભાવે થોડાક શેરો લઈને મૂકી શકાય. મજબૂત ઉછાળા સાથે રૂા. ૧૦૧૦નો ભાવ છ મહિનામાં જોવા મળવાનો ગણતરી.
- **ભારતી એરટેલ**, એમ તો મુકેશભાઈની ગળાકાપ હરિફાઈને કારણે કંટાળી ગયો હતો, પરંતુ હવે ફેસબુક અને ગૂગલ જેવી કંપનીઓ સાથે હાથ મિલાવવાની શરૂઆત અને તેનું ભંડોળ પણ ભારતી એરટેલમાં ઠલવાશે. રૂા. ૭૨૧વાળા આ શેરમાં નાનું રોકાણ કરી દેવાય. રીરેટીંગ સાથે રૂા. ૮૨૦ના ભાવની ગણતરી.
- **તાતા મોટર્સ**, ગતિશક્તિ પ્રોજેક્ટ તેમજ બજેટની અન્ય જોગવાઈઓને કારણે તાતા મોટર્સના કોમર્શીયલ વાહનોના વેચાણોમાં તોતીંગ ઉછાળો જોવાશે. પેસેન્જર કાર બિઝનેસને અલગ કંપનીમાં ટ્રાન્સફર કરી દીધો અને તેનું પણ લિસ્ટિંગ કરીને તમને શેર મળે તેવી ગણતરી. અત્યારના રૂા. ૫૦૪ના ભાવે ખોટો નથી, થોડા ધીમા સુધારા સાથે રૂા. ૬૦૦નો ભાવ એટલે કે લગભગ ૨૦ ટકા રિટર્નની ગણતરી.
- **તાતા સ્ટીલ**, બજેટનો તોતીંગ ફાયદો તાતા સ્ટીલ અને અલ્ટ્રાટેકને, રોડ બનાવવામાં સિમેન્ટ વપરાય, પરંતુ સ્ટીલનો વપરાશ તો રોડ, બ્રિજ, ખટારા અને પ્લાન્ટ બનાવવામાં થવાનો. રૂા. ૧૨૦૦૦ કરોડના જંગી રોકાણથી નિલાંચલ ઈસ્પાત તેની હસ્તક આવી ગઈ અને થોડા મહિનાઓ પછી સ્ટીલ ઓથોરિટી પણ તેના ખોળામાં આવે તો નવાઈ નહિ, રૂા. ૨૦૦૦નો ભાવ યોગ્ય ગણી શકાય. અત્યારે રૂા. ૧૧૬૬ છે અને આંકડાની અદલાબદલી કરીને થોડા મહિનામાં રૂા. ૧૬૬૧ બતાવશે તેમ માનીને થોડાક શેરો લઈને મૂકી દેજો. રૂા. ૨૦૦૦ થશે તેટલું બોનસ.